# સેવા સમાચાર

## ભાગ લીધો

શ્રમ મંત્રાલય તરફથી બોરસદમાં બીડી-કામદારો માટેની એક ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. 'સેવા'નાં ૨૩ બીડી-કામદાર અને ૪ ખળી-કામદાર સભ્ય બેનોએ તેમાં ભાગ લીધો હતો. તેમાં એક ૭૦ વર્ષના માજી પણ હતાં. આ બેનોમાં ૩૦-૩૫ વર્ષનાં ૨૫ બેનોએ ઈનામ મેળવ્યાં.

## મજૂરીમાં થયેલ વધારો

નવસારીનાં બીડી-કામદાર બેનોને સરકારે નક્કી કરેલું લઘુતમ વેતન નહોતું મળતું. માલિકો તેમને રૂપિયા દશ મજૂરીના આપતા હતા. છેવટે આ કામદાર-બેનોએ દશ દિવસની હડતાળ કરી. પરિણામે માલિકોએ બે રૂપિયા વધારી આપ્યા જે તેમને માર્ચની ૧૩મીથી મળવા શરૂ થયા.